શ્રી વલ્લભ - સંદેશ

પરમાત્મા : પરમાત્મા એટલે પરમ આત્મા. પ્રાણીમાત્રમાં જીવરૂપે રહેલા સર્વ આત્મા જેમાંથી જન્મ્યા અને છૂટા પડયા, તે પરમાત્મા - પરમ શક્તિ, પરમ ચૈતન્ય અને પરમ આનંદ વેદ તેમને બ્રહ્મ કહે છે. ઉપનિષદો પરમાત્મા કહે છે. ગીતા ઇશ્વર કહે છે. ભાગવત ભગવાન કહે છે. બ્રહ્મ સ્વરૂપે તે સર્વવ્યાપી છે. જગતનાં બધાં જડ - ચેતન નામ-રૂપો તેનો જ વિસ્તાર છે. પ્રાણી માત્રનાં હૃદયમાં તે જીવાત્માની સાથે પરમાત્મા રૂપે રહેલો છે. ભકતની ભાવના પ્રમાણેનું સ્વરૂપ ધારણ કરી તે જગતમાં પ્રકટ થાય છે. દુનિયામાં પ્રસિદ્ધ તેત્રીસ કરોડ દેવો તેમનામાંથી પ્રગટ થયા છે. દસ અવતારોરૂપે તે પૃથ્વી પર અવતર્યા છે. તેઓ સચ્ચિદાનંદ છે. તેમનામાં જડત્વરૂપે સત્ ધર્મ છે. ચૈતન્ય રૂપે ચિદ્ ધર્મ છે. તે આનંદ સ્વરૂપ છે. તેમનું સ્વરૂપ લોહી-માંસનું નથી, તેથી તે નિરાકાર છે. તેમનું સ્વરૂપ આનંદરસનું છે. માટે તે સાકાર છે. માટે તે સાકાર છે. તેમનામાં મનુષ્યનાં ભૂખ, તરસ, થાક, જન્મ-મરણ જેવા ધર્મો નથી, તેથી તેઓ નિર્ધર્મક છે. તેમનામાં અલૌકિક છ ધર્મો -ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય છે. માટે તે સધર્મક છે. તેમનામાં મનુષ્યના લૌકિક ગુણ- દોષ નથી, તેથી તે નિર્ગુણ છે. તેમનામાં દિવ્ય ગુણો- કૃપા વગેરે ભરપૂર છે. તેથી પરતંત્ર નથી, સ્વતંત્ર છે. તેઓ કરવા જેવું કરે છે. અને અન્ય કોઇથી ન થાય તેવું પણ કરે છે. તેઓ કૃષ્ણ કહેવાય છે. કૃષ્ = સર્વશક્તિમાન, ણઃ પરમાનંદ રૂપ, તેઓ જગતમાં સૌથી વધુ શક્તિમાન અને પૂર્ણ આનંદ રૂપ છે, તેઓ સત્ય છે. સર્વનું કલ્યાણ કરનાર છે. સૌથી સુંદર છે, તેઓ ત્રિભુવનના સ્વામી છે, તેથી પ્રભુ છે.

જગત્ : જગતમાં રહેવા છતાં જગત્ થી આપણે ઘણા અજાણ્યા છીએ. ગમ્ - જવું પરથી બનેલો જગત્ શબ્દનો અર્થ છે સતત જનાર, ચાલનાર, ગતિશીલ રહેનાર! તેથી જેમાં સતત ગતિશીલતા છે, પરિવર્તન છે, જન્મ-મરણના ફેરાની નિરંતર આવન-જાવન છે તે જગત્. જગત્માં જડ તેમજ ચેતન એમ બંનેનો સમાવેશ થાય છે. જેને જડ માનીએ છીએ, તે પણ હકીકત માં જડ નથી. તેના અણુ અણુમાં મહાશક્તિના ભંડાર ભર્યા છે. તેમાં પણ સૂક્ષ્મરૂપે ચૈતન્ય રહ્યું છે, એમ હવે વિજ્ઞાને પણ સ્વીકાર્યું છે. જગતનું અસ્તિત્વ નહોતું ત્યારે પરમાત્મા એકલા --અનાદિ-અનંત હતા. તેમણે પોતાની ક્રીડા માટે પોતાનામાંથી સમગ્ર બ્રહ્માંડને પ્રગટ કર્યું. બ્રહ્માંડને અનેક સૂર્યમાળાઓ અને અનેક પૃથ્વીઓ છે. આમ, જગતના કર્તા પરમાત્મા છે. જગત્ ના પ્રત્યેક નામ-રૂપમાં પરમાત્મા છુપાયા છે. પરમાત્મા સત્ય, શિવ (કલ્યાણકારી) અને સુંદર છે, તેમ તેમનામાંથી પ્રગટ થયેલું જગત પણ સત્ય, શિવ અને સુંદર છે. પરમાત્માએ તો આંખના પલકારામાં આ જગત સર્જી દીધું. જગતની રચના કરવાની લીલા કરી. જાણે એક ચિત્રકારે વિશાળ કેનવાસ પર રંગ-રંગની પ્યાલીઓમાં પીંછી બોળી છંટકાવ કર્યો અને ચિત્ર રચાઇ ગયું. જેમ સોનાના ઘણા ઘાટ ઘડાય, છતાં પણ અંતે તો સોનુ જ રહે. તેમ જગત બધાં રૂપો પરમાત્મામાંથી પ્રગટે છે અને પરમાત્મામાં જ લય પામે છે. એક કરોળિયો મોમાંથી લાળ કાઢી, જાળું બનાવે અને પાછું તેને મોમાં સમેટી લે. તેવું આ જગતનું પણ છે. આથી જગત પરમાત્માનું આધિભૌતિક સ્વરૂપ છે. તેથી જગત મિથ્યા નથી, સત્ય છે. ભગવાનની શક્તિ માયાએ જગતની રચના નથી કરી, તેથી જગત માયાવી- મિથ્યા નથી. જગત રહેવા જેવું છે. જો જગત આટલું સુંદર અને અદ્ભુત હોય, તો તેનો સર્જક પરમાત્મા કેવો મહાન, સુંદર અને અદ્ભુત હશે! એને આપણે જગતમાં રહીને જ પામવાના છે.

જીવ : હું કોણ? હું એટલે ફલાણાભાઇ? ના. એ તો આપણા શરીરની ઓળખ છે. અને શરીર નાશવંત છે. નામ તેનો નાશ. શરીર માં આત્મા રહેલો છે, તે જીવ. સદા જીવે અને કદી ન મરે તે જીવ. જીવ જન્મ-મરણના ફેરામાં શરીર બદલે છે, પણ કદી મરતો નથી. સગડીમાં સળગતા કોલસામાંથી અનાયાસ અગણિત તણખા નીકળે, ક્ષણવાર ઝબકે અને પછી કોલસાની કણી બની જાય. તેમને ફરી સગડીમાં નાંખો, તો અગ્નિરૂપ થાય. આવું જ જીવનનું પણ છે. પરમાત્માને ક્રીડા કરવાની, સૃષ્ટિ રચવાની ઇચ્છા થઇ, ત્યારે પોતાના જ સ્વરૂપમાંથી એક જ ક્ષણમાં અગણિત જીવોને તણખાની જેમ પ્રગટ કર્યા. તણખામાંથી અગ્નિ હોલવાય તેમ જીવમાંથી પરમાત્માનો અંશ લુપ્ત થયો. તેથી જીવ સત અને ચિત અંશ વાળો રહ્યો, આનંદ અંશ લુપ્ત થતાં તે પરમાત્મા મટી આત્મા બન્યો, પરમાત્માની સર્વ શક્તિ તેનામાંથી ચાલી ગઇ. તે અજ્ઞાની, દીન, હીન બન્યો, ૮૪ લાખ યોનિમાં ફરતો થયો. અમીબાથી અજગર સુધી સૌ પ્રાણીઓમાં જીવ છે. વાળની ટોચના દસ હજારમાં ભાગથીય તે વધુ સૂક્ષ્મ છે. તે પરમાત્માનો અંશ છે. પરમાત્મા તેના અંશી છે. તેનામાં આનંદ ન હોવાથી તે સતત આનંદની શોધમાં હોય છે. ૮૪ લાખ યોનિમાં માનવયોનિ શ્રેષ્ઠ છે. માનવ શરીરમાં રહેલો જીવ તેની શક્તિ પ્રમાણે આનંદ શોધવા મથામણ કરે છે. મોટા ભાગના જે જીવો દુનિયાના મોજશોખને સાચો આનંદ માની, તેમાં રચ્યા પચ્યા રહે છે. તે પ્રવાહી જીવો છે. બીજા કેટલાક જીવો શાસ્ત્રોની મર્યાદામાં રહી કર્મ, જ્ઞાન, યોગ, ઉપાસના દ્વારા આનંદ શોધતા સ્વર્ગ કે મોક્ષ મેળવે છે. તે મર્યાદા જીવો છે. તદ્દન થોડા જીવો એવા છે, જે પોતાને પરમાત્માના દાસ માની પરમાત્માની પ્રસન્નતા માટે પરમાત્માનાં સેવા-સ્મરણ કરે છે અને તેમાં આનંદ અનુભવે છે. તેઓ અંતે પરમાનંદરૂપ સાક્ષાત પરમાત્માને પ્રાપ્ત કરે છે. તેઓ પુષ્ટિ જીવો (પરમાત્માના કૃપાપાત્ર જીવો)છે. આપણે આવા પુષ્ટિ જીવો છીએ- પરમાત્માનાં સેવા-સ્મરણ એ જ આપણું કર્તવ્ય છે.

સંસાર : સંસાર શબ્દનો અર્થ છે દુનિયા, ગુજરાતીમાં આપણે એનો અર્થ, પારિવારિક જીવન એવો મર્યાદિત કરીએ છીએ. એની સાથે આપણાં અહંતા-મમતા સંકળાયેલાં છે. માણસ અજ્ઞાનવશ સ્વભાવને લઇને ભૂલી જાય છે કે જગતના કર્તા પરમાત્માની ઇચ્છા પ્રમાણે જગત ચાલે છે. જગતમાં આપણે પણ ચાલીએ છીએ, માણસ સ્વતંત્ર રીતે, સ્વ-ઇચ્છા પ્રમાણે ચાલી શકતો નથી કે કંઇ કરી શકતો નથી, છતાં માણસ સતત એમ જ માને છે કે આ બધું હું કરું છું. આવી ગેરસમજનું બીજું નામ છે અહંતા, જાતે કરવાનો અહંકાર. માણસ જગત માં ખાલી હાથે આવે છે અને ખાલી હાથે જાય છે. જગત પરમાત્માની રચના હોવાથી જગતની માલિકી પરમાત્માની છે. જગતમાં સર્વ કંઇ પરમાત્માનુ છે. છતાં અજ્ઞાનવશ માણસ જડ-ચેતન પદાર્થોને પોતાના માને છે. તેનું શરીર, કુટુંબ, ધન, ઘર, જીવન બધાંનો પોતે માલિક છે એમ સમજે છે. તે બધામાં મારાપણાનો ભાવ અને સંબંધ માનવાની ગેરસમજ, તેનુ બીજુ નામ મમતા-મમત્વ. આ અહંતા-મમતા ગેરસમજમાંથી જાગેલા મનના વિચારો છે, તેથી તે મિથ્યા છે. આંખ પર પડદો પડી જતાં જેમ સામેનું દૃશ્ય ન દેખાય, તેમ અહંતા- મમતાના પડદાને લઇને આપણને એ સમજાતું નથી કે હું પ્રભુનો દાસ છું અને પ્રભુ મારા સ્વામી છે. બધું પ્રભુનું છે. તેથી બધું પ્રભુના સુખ માટે વાપરવાની મારી જવાબદારી છે. પ્રભુની સંપત્તિ મારા મોજશોખમાં ન વપરાય. શાસ્ત્રો કહે છે, આ અહંતા-મમતારૂપી સંસારનું જ બીજું નામ પ્રપંચ છે. લૌકિક આસક્તિ છે. તે નાશ પામે ત્યારે જ પરમાત્માની પ્રાપ્તિ થાય. અન્ય કોઇ જ સાધનોથી અહંતા-મમતાનો નાશ થતો નથી, તેથી અહંતા- મમતાને પરમાત્મા સાથે જોડી દો, તેમના ચરણે ધરી દો. અર્થાત હું પ્રભુનો છું એમ વિચારી પ્રભુના બની, પ્રભુના માટે જીવવું. સર્વ પ્રભુનું છે એમ વિચારી, સર્વ પ્રભુની સેવામાં વાપરવું. આમ પ્રભુના દાસ બનવાથી અહંતા-મમતા છૂટે છે. દુનિયાના બધાં દુઃખો અહંતા-મમતામાંથી જ જન્મે છે.

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ : બ્રહ્મ (પરમાત્મા) અનાદિ, અનંત, સત્ય, સુંદર, આનંદ-રસરૂપ સર્વસમર્થ છે. નિરાકાર અને સાકાર, નિર્ધર્મક અને સધર્મક હોવાથી વિરુદ્ધધર્માશ્રયી છે. તેઓ જગતના સર્જક છે. તેમનામાંથી, તેમના આનંદ માટે પ્રકટ થયેલું જગત, તેમનું જ આધિભૌતિક સ્વરૂપ હોવાથી સત્ય છે. જગત માયાનું સર્જન નથી. તેથી જગત મિથ્યા નથી. જીવ પરમાત્મા નથી, પણ પરમાત્માનો અંશ છે. શરીર નાશ પામે છે, પણ જીવનો નાશ થતો નથી, જીવનમાં સત અને ચિત અંશ છે, પણ આનંદ અંશ નથી, પરમાત્માથી અગણિત વર્ષોથી વિખૂટો પડેલો જીવ પરમાત્માને પ્રાપ્ત કરે છે. ત્યારે તેને પરમાનંદની પ્રાપ્તિ થાય છે. જીવ પરમાત્માનો અંશ હોવાથી તેમનો દાસ છે. જીવનનું દાસ તરીકેનું કર્તવ્ય પોતાના સ્વામી પરમાત્માની સેવા કરવાનું છે. જગતમાં વિવિધ નામ-રૂપોથી સ્વયં પરમાત્મા તેમના આનંદ માટે ક્રીડા કરી રહ્યા છે. તેથી જગતના સર્વ પદાર્થો અને પ્રવૃત્તિઓને પ્રભુની લીલા માનવી. તેમાં દોષદૃષ્ટિ રાખી તેની નિંદા ન કરવી. તે લીલામાં પ્રભુએ આપણને સોંપેલું પાત્ર સારી રીતે ભજવી પ્રભુને રાજી રાખવા. બીજાના પાત્રની ટીકા ન કરવી, પ્રભુ જે કરે તે સારું જ કરે છે, એવો પ્રભુની લીલામાં દૃઢ વિશ્વાસ રાખવો. કોઇનાં કડવાં વચન નમ્રતાથી સહન કરવાં. તેમને પ્રભુએ આપેલો ઠપકો કે શિખામણ માનવાં. આમ બ્રહ્મ (પરમાત્મા) અને જગત વચ્ચે શુદ્ધ અને અદ્વૈત (એકતા)નો સબંધ છે. સર્વ કંઇ બ્રહ્મનું છે, બ્રહ્મ માટે છે અને બ્રહ્મ દ્વારા થાય છે. માટે આ સિદ્ધાંત -શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ ના નામથી જાણીતો છે. આ સિદ્ધાંત શ્રીમહાપ્રભુજીના મૌલિક (સ્વતંત્ર) નથી, પરંતુ વેદ, ઉપનિષદ, બ્રહ્મસૂત્રો, ગીતા, ભાગવતનું દોહન કરી પ્રગટ કરેલો શાસ્ત્ર- સંમત સિદ્ધાંત છે. જગતની વાસ્તવિકતા સ્વીકારતો આ સિદ્ધાંત આજના સમયમાં સુખી, શાંત, સ્વસ્થજીવન જીવવા માટે ઘણો ઉપયોગી છે.

પુષ્ટિમાર્ગ : જીવમાંથી આનંદ અંશ લુપ્ત થયો છે, જે નથી તે મેળવવા જીવ ધમપછાડા કરે છે, સાચો આનંદ જગતમાં નથી, પરમાત્મા પાસે છે, તે જાણ્યા પછી મનુષ્યદેહે જીવ પરમાત્માને પામવા અનેક સાધનો (પ્રયત્નો) કરે છે. તે જપ-તપ-તીર્થયાત્રા-દાન-પૂજા-ઉપાસના-વ્રત-યોગ-જ્ઞાનસાધના એવું ઘણું ઘણું કરે છે, તેથી તેને થોડાંક લૌકિક સુખ કે સ્વર્ગાદિ મળે છે, પણ પરમાત્મા સ્વયં મળતા નથી. કારણકે પરમાત્મા કોને મળે અને કોને ન મળે તેના કોઇ કાર્યકારણના કાયદા નથી. જેમ વરસાદને ક્યાં વરસવું તે આપણે નક્કી કરી શકતા નથી, તેમ પરમાત્માએ કોના પર કેટલી કૃપા કરવી તે પરમાત્મા સ્વંય નક્કી કરે છે. પરમાત્મા કૃપાના જે માર્ગે જીવાત્મા પાસે પધારી જીવાત્માને પ્રાપ્ત થાય, તે કૃપાનો માર્ગ એટલે પુષ્ટિમાર્ગ. પુષ્ટિ=કૃપા. પરમાત્મા કૃપા ન કરે ત્યાં સુધી શું આપણે રાહ જોતા બેસી રહેવાનું? ના, નાનું અસહાય બાળક પણ માતા-પિતા તેના પર કૃપા કરી, તેને વહાલ કરે એ માટે માતા-પિતા ને રાજી કરવા મથામણ કરે છે, તેમ આપણે પણ પ્રભુની પ્રસન્નતા માટે પ્રેમપૂર્વક પ્રભુના સેવા-ભક્તિ કરવાં જોઇએ, પ્રેમ દ્વારા પ્રેમ મળે છે. જીવાત્મા સેવા(ભક્તિ) ના માર્ગે ચાલે. થાકી જાય ત્યારે અસહાય બની, પ્રભુનાં ચરણની રાહ જોતો બેસી જાય, ત્યારે પ્રભુ પોતાના એ પ્રિય જીવાત્માને તેડી લેવા સામા પધારે, જીવાત્માનો પ્રભુ તરફ જવાનો માર્ગ તે પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ, શરણાગતિ અને સંપૂર્ણ સમર્પણનો માર્ગ, પ્રભુને જીવાત્મા તરફ દોડ્યા આવવાનો માર્ગ તે કૃપાનો માર્ગ-પુષ્ટિમાર્ગ. માટે પુષ્ટિમાર્ગ માં પ્રભુ પ્રત્યે બિનશરતી શરણાગતિ અને સંપૂર્ણ સમર્પણ આવશ્યક છે. શરણાગતિ અને સમર્પણ માટે પ્રભુની સેવા, પ્રભુની કથાનું શ્રવણ, કીર્તન અને સ્મરણ જરૂરી છે. આ માર્ગ કષ્ટ વિનાનો, સરળ અને આનંદદાયક છે. આજના સમયમાં તે આચરવો તદ્દન સહેલો છે. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીએ આ માર્ગ બતાવ્યો છે.

પુષ્ટિ-ભક્તિ : પરમાત્માને પામવાના મુખ્ય ત્રણ માર્ગ-જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ અને ભક્તિમાર્ગ, જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ બધા માટે નથી. વળી, તે આચરવા ખૂબ અઘરા છે. તેથી દુનિયાનાં સુખ, સ્વર્ગ કે વધુમાં વધુ મોક્ષ અર્થાત જન્મ-મરણમાંથી મુક્તિ મળે, પણ સાક્ષાત પરમાત્મા તો ન જ મળે. આથી ગીતામાં સ્વયં ભગવાન કહે છે. કે મને તપસ્વી, જ્ઞાની, કર્મી કરતાં ભક્ત સૌથી વધુ પ્રિય છે. ભક્તિમાર્ગ સૌથી શ્રેષ્ઠ છે. તે નાતજાતના, સ્ત્રી-પુરુષ, જ્ઞાની-અજ્ઞાની, રાય-રંકના ભેદભાવ સ્વીકારતો નથી. તે બધા માટે સરખો ખુલ્લો છે. આચરવો સાવ સરળ છે. સાક્ષાત પરમાત્માને મેળવી આપનાર છે, જીવનને સ્વસ્થ, પ્રસન્ન રાખનાર છે. ભક્તિ એટલે ભગવાનની પ્રેમપૂર્વક સેવા. સેવા માટે શરણાગતિ અને સમર્પણ જરૂરી છે. પતિવ્રતા સ્ત્રીની જેમ જેમાં પોતાનું બધું વગર શરતે, પ્રેમપૂર્વક ભગવાનને સોંપી દઇ, પૂરેપૂરો ભગવાનનો બની, ભગવાનના સુખ માટે ભગવાનનાં સેવા-સ્મરણ કરે. બદલામાં ભગવાન પાસે પોતાના દુઃખનાં રોદણાં ન રડે અને પોતાને માટે કંઇ પણ માગે નહિ. ઇચ્છે નહિ, તેનુ નામ પ્રેમલક્ષણા ભક્તિ, પુષ્ટિભક્તિ, પુષ્ટિભક્તિ શ્રેષ્ઠ છે. પુષ્ટિભક્તિ જાહેર મંદિરોમાં ન થઇ શકે, જાહેરમાં પ્રિયને આદર અપાય, પ્રેમ ન થાય. પ્રેમ તો એકાંતમાં થાય. માટે પુષ્ટિભક્તિ-સેવા આપણા ઘરમાં એકાંતમાં થાય. બીજાઓની હાજરીમાં, જાહેરમાં ન થાય. આપણા ઘરમાં, આપણા સ્વજનો સાથે મળીને, આપણા શરીર અને ધનથી, આપણા માથે બિરાજતા આપણા પ્રભુની સેવા કરવી તે તનુવિત્તજા સેવા, તે પુષ્ટિભક્તિ. સેવામાં આપણા ચિત્તની એકાગ્રતા થવી ખૂબ જરૂરી છે. ચિત્તની એકાગ્રતા માટે પણ એકાંત જરૂરી છે. સેવામાં ચિત્તની પૂરી તન્મયતા થતાં માનસી સેવા સિદ્ધ થાય છે. પુષ્ટિભક્તિરૂપી વૃક્ષનાં પાન એટલે પ્રભુમાં પ્રેમ, એ પ્રેમ આસક્તિ બને તે ફૂલ: વ્યસન અવસ્થાએ પુષ્ટિભક્તિનું ફળ.

ગુરુનું સ્વરૂપ : સર્વ ધર્મમાર્ગોએ ગુરુની જરૂર સ્વીકારી છે. જે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી, પ્રભુના જ્ઞાન રૂપી પ્રકાશ આપે, પ્રભુને મેળવી આપે તે ગુરુ. ગુરુ એટલે મોટા-મહાન, દુર્લભ પરમાત્માને મેળવી આપવાનું ગજું સામાન્ય માણસનું નહિ. માટે ગુરુ એ પરમાત્માનું જ એક સ્વરૂપ છે. તેઓ પરમાત્માથી પણ મહાન છે. માટે ગુરુને ગોવિંદથી મોટા ગણી, તેમને પહેલાં વંદન કરવામાં આવે છે. ગુરુભક્તિથી ગુરુકૃપા પ્રાપ્ત થાય છે. ગુરુકૃપાથી પરમાત્મા પ્રાપ્ત થાય છે. આપણા પુષ્ટિમાર્ગના ગુરુ શ્રીવલ્લભાચાર્યજી છે. તેઓ આપણને પ્રભુની પ્રાપ્તિ કરાવી આપતા હોવાથી, તેમને પ્રભુથી પણ મોટા, શ્રી મહાપ્રભુ કહ્યા છે, તેઓ પોતે પોતાના સ્વરૂપને સમજાવે છે તે પ્રમાણે તેઓ સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું મુખસ્વરૂપ છે. દિવ્ય અગ્નિને વેદમાં પ્રભુનુ મુખ કહ્યું છે, તેને વૈશ્વાનર કહ્યો છે. ગીતામાં ભગવાને પોતાને વૈશ્વાનર કહ્યા છે. તેથી શ્રી મહાપ્રભુજી સાક્ષાત- ભગવદ્-મુખારવિંદ અલૌકિક અગ્નિસ્વરૂપ વૈશ્વાનર છે. મુખ શરીર થી અલગ ન હોય. માટે શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણથી અલગ નથી, બંને એક જ સ્વરૂપ છે. તેથી શ્રી મહાપ્રભુજી પણ પૂર્ણપુરુષોત્તમ છે. મુખવાણીનું ઉદ્ભવસ્થાન છે, તેથી શ્રી મહાપ્રભુજી વાક્પતિ છે. તેઓ સરસ્વતીના સાક્ષાત અલૌકિક પતિ છે, જેમ પરમાત્માની વાણી વેદરૂપા છે, તેમ શ્રી મહાપ્રભુજીની વાણી પણ વેદરૂપા છે. પરમાત્માની કૃપાશક્તિનું સ્વરૂપ એ જ શ્રીવલ્લભાચાર્યજી. તેથી જેમ પરમાત્મા પોતાની કૃપાશક્તિથી દુષ્ટમાં દુષ્ટ જીવનો પણ ઉદ્ધાર કરવા સમર્થ છે. તેમ શ્રીમહાપ્રભુજી પણ તેમની કૃપાશક્તિથી પુષ્ટિજીવોનો ઉદ્ધાર કરે છે. શ્રીમહાપ્રભુજીએ ગુરુના લક્ષણો બતાવ્યાં છે : (૧) શ્રીભાગવત આદિ શાસ્ત્રોના ઉત્તમ જાણકાર (૨) શ્રી કૃષ્ણની સેવામાં તત્પર (૩) દંભ આદિ દોષો વિનાના ગુરુ હોવા જોઇએ. આ સર્વ લક્ષણો મહાપ્રભુજીમાં છે. શ્રીમહાપ્રભુજી તેમના વંશજોના રૂપમાં બિરાજમાન છે, તેથી તેમના વંશજો ગુરુદ્વાર છે. શ્રીવલ્લભ અને શ્રીવલ્લભવંશજો આપણા ગુરુ છે. તેમની આજ્ઞાનું પાલન કરવું એ તેમની મોટામાં મોટી સેવા છે. તે દ્વારા તેમની કૃપા પ્રાપ્ત થાય છે.

પુષ્ટિમાર્ગમાં આરાધ્યપ્રભુ : બ્રહ્મ (પરમાત્મા) સર્વોચ્ચ છે. સર્વશક્તિમાન છે. સંપૂર્ણ આનંદસ્વરૂપ છે. તઓ પૂર્ણ છે. પૂર્ણમાંથી પૂર્ણ લઇ લેતાં કે પૂર્ણ ઉમેરતાં કોઇ વધ-ઘટ થતી નથી. તેઓ પૂર્ણ જ રહે છે. તેથી તેમને પૂર્ણ પુરૂષોત્તમ કહ્યા છે. બધા દેવ, દેવીઓ અને અવતારો તેમના અંશ, કલા, વિભૂતિ, વ્યૂહરૂપો છે. તેથી અપૂર્ણ છે, બ્રહ્મને આધીન છે. બ્રહ્મની બરાબર જગતમાં કોઇ કરી શકે તેમ નથી તેમનું એક નામ કૃષ્ણ છે. કૃષ= સર્વશક્તિમાન, ણ=પૂર્ણ આનંદરૂપ. આવા પરમાત્મા પોતાના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે સારસ્વતકલ્પમાં ગોકુલમાં નંદ-યશોદા ગૃહે કૃષ્ણ નામે અને રૂપે પ્રગટ થયા. એમણે ગોપીજનોની પ્રેમલક્ષણાભક્તિ-પુષ્ટિભક્તિ સ્વીકારી અને તેમને પોતાના પરમાનંદની પ્રાપ્તિ કરાવી. એ જ પરમાત્મા - શ્રીકૃષ્ણ આજથી પાંચસોથી વધુ વર્ષો પૂર્વે વ્રજમાં શ્રીગિરિરાજ-ગોવર્ધન પર્વતમાંથી શ્રીનાથજી સ્વરૂપે ફરી પ્રગટ થયા. શ્રી મહાપ્રભુજીએ તેમને પર્વતમાંથી બહાર પધરાવી, તેમનો સેવા-પ્રકાર શરૂ કર્યો. તેઓ પુષ્ટિમાર્ગમા ઇષ્ટ , આરાધ્ય છે. શ્રીનવનીતપ્રિયજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીમથુરાનાથજી, શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી દ્વારકાનાથજી, શ્રી ગોકુલચંદ્રમાજી, શ્રી મદનમોહનજી, શ્રી નટવરલાલજી , શ્રી કલ્યાણરાયજી, શ્રી મુકુંદરાયજી આદિ સ્વરૂપો શ્રીકૃષ્ણ-શ્રીનાથજીની વિવિધ લીલાનાં સ્વરૂપો છે, તેથી મૂળમાં શ્રીનાથજી આદિ સૌ સ્વરૂપો પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ છે. જેમ મૂળમાં પાણી રેડવાથી આખા વૃક્ષને પોષણ મળે છે, તેમ પૂર્ણ પુરુષોત્તમ શ્રીનાથજી આદિ શ્રીકૃષ્ણ સ્વરૂપની સેવામાં સર્વ દેવરૂપો સમાઇ જાય છે. પુષ્ટિમાર્ગ પ્રેમલક્ષણા ભક્તિનો માર્ગ હોવાથી પતિવ્રતા ધર્મનો માર્ગ છે. પુષ્ટિમાર્ગમાં કેવળ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ સેવ્ય છે, અન્ય કોઇ નહિ.

વૈષ્ણવનું સ્વરૂપ : કેવળ તિલક, તુલસીમાળા, ધોતી, બંડી ધારણ કરવાથી જ વૈષ્ણવ બની જવાતું નથી. જેમ સૈનિક બનનાર ને લશ્કરનો ગણવેશ પહેરવો જરૂરી હોય છે. તેમ તિલક, તુલસીમાળા, ધોતી, બંડી, સાડી-ચોળી એ વૈષ્ણવોનો ગણવેશ છે, તેથી તે ધારણ કરવો જરૂરી છે. નરસિંહ મહેતાએ બતાવેલાં લક્ષણો ખરેખર તો મનુષ્યનાં માનવતાનાં લક્ષણો છે. વૈષ્ણવ માટે એ લક્ષણો પાયાનાં છે, ખૂબ જરૂરી છે. માનવતા વિના વૈષ્ણવતા સિદ્ધ થતી નથી. માનવતા પાત્ર છે, વૈષ્ણવતા રસ છે, માનવતા વિના વૈષ્ણવતા અધૂરી છે. પરોપકાર, દયા, પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ, મન-વચનનો સંયમ, ઇન્દ્રિયનિગ્રહ, પરસ્ત્રીને મા ગણવી, પરધન ન સ્વીકારવુ આદિ સદ્ગુણો વૈષ્ણવ બનવા ઘણા જરૂરી છે. આ સદ્ગુણોથી દેહ-ઇન્દ્રિયો, હૃદય, અંતઃકરણ શુદ્ધ અને પવિત્ર, પ્રભુને લાયક બને છે, સેવા-સ્મરણ-સત્સંગ સારી રીતે થાય છે. પરંતુ માનવતાનાં આ લક્ષણોથી જ વૈષ્ણવતા આવતી નથી. વૈષ્ણવતા તેથી વિશેષ છે. વૈષ્ણવ એટલે એ વ્યક્તિ જે એમ માનતો હોય અને આચરતો હોય કે આ બધું વિષ્ણુ(પરમાત્મા)નું છે, ને હું પણ તેમનો છું, મારું જીવન પણ તેમના માટે જ છે. આવું માનનાર વ્યક્તિ શ્રીવલ્લભાચાર્યજીના સિધ્ધાંત પ્રમાણે સેવા સ્મરણમય જીવન જીવે, ત્યારે તેને વૈષ્ણવ કહેવાય. વૈષ્ણવ શબ્દમાં પહેલો વ - શ્રીવલ્લભનો, ષ્ણ - શ્રીકૃષ્ણનો, છેલ્લો વ - શ્રીવિઠ્ઠલનો, બે માત્રા સેવા-સ્મરણની. આમ, જે શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલે બતાવેલા માર્ગે શ્રીકૃષ્ણનાં સેવા-સ્મરણ કરે તે વૈષ્ણવ. વૈષ્ણવતાની ચાર અવસ્થા : (૧) દાસ (૨) સેવક (૩)ભગવદીય (૪) તાદૃશી

વૈષ્ણવી જીવન : વૈષ્ણવી જીવનમાં ન કરવા જેવાં - છોડવાં જેવા ચાર કાર્યો છે.

- ***અસમર્પિત :*** આપણા સેવ્ય પ્રભુને અંગીકાર કરાવ્યા વિનાના પદાર્થોનો ઉપયોગ કરવો તે અસમર્પિત. બ્રહ્મસંબંધ દ્વારા પ્રભુને સર્વસ્વ સમર્પણ કરવાની લીધેલી પ્રતિજ્ઞાનું પાલન ન કરવું તે અસમર્પિત. અસમર્પિતના ઉપયોગથી બુદ્ધિ બગડે છે, પ્રભુમાં પ્રેમ થતો નથી, પ્રતિજ્ઞાભંગનો અપરાધ લાગે છે.
- ***અન્યાશ્રય :*** આપણા સેવ્ય પ્રભુ સિવાય કોઇને મોટા માની, તેમની પાસેથી કંઇપણ મેળવવાની આશા રાખી, તેમની પાસે જવું, માગવું તેમની ચાકરી કરવી કે તેમનો વિશ્વાસ કરવો તે અન્યાશ્રય. પુષ્ટિભક્તિ માં અન્યાશ્રય વ્યભિચાર હોવાથી બાધક છે.
- ***અસદાલાપ :*** પ્રભુના ગુણગાન સિવાય લૌકિક વાતો કરવી તે અસદાલાપ. આમ કરવાથી મન લૌકિકમાં ભટકે છે અને પ્રભુમાં લાગતું નથી. માટે સતત મનમાં પ્રભુની લીલાઓનું ચિંતન કરવું જોઇએ. અસદાલાપ વાણીનો દોષ છે, તેનાથી બચવું જરૂરી છે.
- ***દુઃસંગ :*** શ્રીમહાપ્રભુજીએ બતાવેલ પુષ્ટિભક્તિના મૂળ સિદ્ધાંતોથી વિરુદ્ધ વાત અને વર્તન કરનારનો સંગ કરવો તે દુઃસંગ, આવો દુ-સંગ આપણને પુષ્ટિભક્તિના માર્ગેથી ભટકાવી દે છે. ભગવદ્‌ભાવનો નાશ કરે છે. માટે આવા માણસોના સંગથી દૂર રહેવું જરૂરી છે.

વૈષ્ણવી જીવન જીવવા માટે ચાર કાર્યો કરવાં જરૂરી છે:
(૧) અનન્યતા : પ્રભુમાં દૃઢ વિશ્વાસ રાખી, પ્રભુમાં અનન્યતા રાખવી. (૨) સત્સંગ : ભગવદીયો અને શ્રી મહાપ્રભુજીના ગ્રંથોનો સત્સંગ સ્વાધ્યાય કરવો. (૩) સમર્પિત : પ્રભુને સમર્પીને તે પદાર્થોથી જીવન જીવું, સેવા કરવી. (૪) ગુણગાન : પ્રભુનાં કીર્તન ગાવાં, કથા સાંભળવી, લીલાનું ચિંતન કરવું, અષ્ટાક્ષર મંત્રનું મનમાં સતત રટણ કરવું.

સેવા : શ્રીઠાકોરજીને સવારે મિસરી ભોગ ધર્યો, ઝારી ભરી એટલે સેવા થઇ ગઇ તે માન્યતા બરાબર નથી. સેવા કલાક, બે કલાકની પાર્ટટાઇમ જોબ નથી. સેવા સમસ્ત જીવન વ્યવહાર છે. સેવાના ઠાકોરજી કોઇ જડ ચિત્ર કે અચેતન મૂર્તિ નથી. સાક્ષાત પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે. આપણા ફેમિલી મેમ્બર છે. સવારે જાગવાથી લઇને રાત્રે સૂવા સુધીની આપણી બધી ક્રિયાઓ સેવાનો ભાગ બનવી જોઇએ. પ્રભુને આપણા મોંની દુર્ગંધ ન આવે, તે હેતુથી દાતણ પણ સેવાનો ભાગ બની જશે. આમ, સેવા લાઇફ ટાઇમ છે. સેવા એટલે આપણા સાચા પ્રેમની મન, વચન અને ક્રિયાથી અભિવ્યક્તિ. માટે સેવાનો ક્રમ મંગળાથી શયન સુધીનો છે. સેવામાં આપણી સ્થિતિ અને શક્તિ પ્રમાણે રાગ, ભોગ, શૃંગાર નો અંગીકાર કરાવવામાં આવે છે. આપણા માટે જે કંઇ જરૂરી હોય, તે પહેલાં પ્રભુને અંગીકાર કરાવી, પ્રભુના પ્રસાદરૂપે સ્વીકારવામાં આવે છે. સેવામાં રીત અને પ્રીત વધારે મહત્વની છે. તેથી પુષ્ટિમાર્ગમાં ગૃહસેવાનો આગ્રહ રખાય છે. આપણા પ્રભુએ જે અંગીકાર કર્યુ, તેનાથી જ આપણે નિર્વાહ કરીએ, ત્યારે પ્રભુમાં પ્રેમ છે, તેમ સમજાય. પ્રેમીની સેવા પત્ની જાતે કરે, ભાડુતી નોકર દ્વારા ન કરાવે. તેમ આપણા ઠાકોરજીની સેવા પણ ભાડુતી પગારદાર માણસો પાસે ન કરાવાય. બીજાનું દ્રવ્ય લઇને અથવા બીજાને દ્રવ્ય આપીને કરાવેલી સેવા એ સેવા નથી. આપણા દ્રવ્યથી, આપણી જાતે, આપણા ઘરમાં કરેલી સેવા જ પ્રભુ અંગીકાર કરે છે અને પ્રસન્ન થાય છે. સેવામાં શુધ્ધિ ને પવિત્રતા મહત્વનાં છે, આપણું વાપરેલું, ચાખેલું, આપણા માટે લાવેલું પ્રભુને અંગીકાર ન કરાવાય. સેવા સાધન છે તો ફળ પણ સેવા જ છે. સેવા મેવા માટે નથી. સેવા સેવા માટે જ છે. સેવા છોડીને, સેવાના ભોગે બીજું કશું જ ન થાય. બધી વૃત્તિઓ અને વ્યવહારો સેવા માટે જ હોય . આપણો સમગ્ર ગૃહસ્થાશ્રમ સેવામય હોવો જોઇએ. સેવા ગુરુની આજ્ઞા પ્રમાણે કરવી. આપણા કલ્પિત પ્રકારે સેવા ન કરવી.

અસમર્પિત ત્યાગ : જેમને સેવા કરવી છે, તેમને માટે બ્રહ્મસંબંધની વિધિપૂર્વકની દીક્ષા લેવી જરૂરી છે. શ્રીવલ્લભવંશ જ ગોસ્વામી બાળકને આ માટે વિનંતી કરી, તેમની આજ્ઞા પ્રમાણે ઉપવાસ વ્રત કરી, શુદ્ધ-પવિત્ર થવું. બીજા દિવસે અપરસમાં સ્નાન કર્યા બાદ પૂ. ગોસ્વામી બાળક તેમના શ્રીપ્રભુની સન્મુક તે જીવને બેસાડી તેના હાથમાં તુલસીદળ આપી. બ્રહ્મસંબંધનો મંત્ર બોલાવી, તે તુલસીદળ હાથમાં લઇ, શ્રીપ્રભુના ચરણમાં સમર્પણ કરે છે, ત્યારે બ્રહ્મસંબંધની દીક્ષા પ્રાપ્ત થાય છે, જેને સેવા નથી કરવી તેને બ્રહ્મસંબંધની દીક્ષા લેવી જરૂરી નથી. તેને માટે અષ્ટાક્ષરમંત્ર દીક્ષા પૂરતી છે. બ્રહ્મ (પરમાત્મા)થી અગણિત વર્ષો પહેલાં છૂટા પડવાથી, તેમની સાથેનો ભુલાઇ ગયેલો સંબંધ આ દીક્ષાથી ફરી જોડાય છે. તેથી તેને બ્રહ્મસંબંધ કહે છે. આ દીક્ષા લેનાર વૈષ્ણવ પોતાનું સર્વસ્વ પ્રભુને સોંપી દેવાની, સમર્પણ કરવાની અને પ્રભુના દાસ બનીને રહેવાની પ્રતિજ્ઞા કરે છે. આ પ્રતિજ્ઞાના પાલન માટે તે પતિવ્રતા ધર્મ પાળી, પ્રભુની સેવામાં જીવન સોંપી દે છે. પરિણામે, પ્રભુને સર્વ કંઇ અંગીકાર કરાવી, તે પ્રભુપ્રસાદ વડે તેનો નિર્વાહ કરે છે. બ્રહ્મસંબંધની દીક્ષા લેનાર વૈષ્ણવે અસમર્પિતનો ત્યાગ કરવો જરૂરી છે. ગીતામાં ભગવાન આજ્ઞા કરે છે કે જે પોતાના માટે રાંધે છે, તે પાપ રાંધે છે. જે પ્રભુના પ્રસાદ સિવાયના પદાર્થો જમે છે, તે વિષ્ઠા જમે છે. અન્નથી શરીરનો કોષો બનો છે. કોષોથી શરીર જીવતું રહે છે. અન્નમાં અનેક સૂક્ષ્મ દોષો હોય છે. આ દોષોની નિવૃત્તિ થાય, અન્ન શુદ્ધ, પવિત્ર અને દિવ્ય બને, તે માટે પહેલાં પ્રભુને ભોગ ધરવો જરૂરી છે. પ્રભુના સ્પર્શથી અને આરોગવાથી તે અન્ન મહાપ્રસાદ બને છે. પ્રસાદ એટલે પ્રસન્નતા, પ્રસાદ એટલે કૃપા. તે અન્ન પ્રભુનું અધરામૃત થતાં પ્રભુમય બને છે. તેનું ભોજન કરવા થી આપણા શરીરમા સર્વ કોષો, ઇન્દ્રિયો, અંતઃકરણ વગેરે પ્રભુમય, પવિત્ર, દિવ્ય અને પ્રભુને લાયક બને છે. અસમર્પિતનો ત્યાગ કરવા થી સંયમ અને સાદગી આવે છે. વિષયવિકારો, ભોગ ભોગવવાની કે તામસી વૃત્તિઓ જાગતી નથી. માટે પુષ્ટિમાર્ગમાં બ્રહ્મસંબંધ લઇ અસમર્પિતનો ત્યાગ કરવો આવશ્યક છે.

અનન્યાશ્રય : ભક્તિ એટલે પ્રભુ પ્રત્યેનો આપણો પૂર્ણ પ્રેમ. પ્રેમની પાયાની શરત છે પ્રેમીમાં પૂર્ણ વિશ્વાસમાંથી અનન્યતા જન્મે છે પ્રેમીની શક્તિમાં શંકા જાગતાં અવિશ્વાસ આવે છે. અવિશ્વાસને લીધે પ્રેમીને તરછોડી આપણે બીજાનો સથવારો શોધીએ છીએ. તેનાથી સાચો પ્રેમ નંદવાઇ જાય છે. પ્રેમી અપ્રસન્ન થાય છે. અંતે નુકસાન. પ્રેમી તરફની અનન્યતા એટલે અનન્યાશ્રય. પ્રેમી તરફ અવિશ્વાસ એટલે અન્યાશ્રય. પ્રેમમાર્ગમાં વ્યભિચાર-અન્યાશ્રયની નિંદા થાય છે. પ્રેમમાર્ગમાં પતિવ્રતા ધર્મ-અનન્યતા-આવશ્યક છે. અવિવાહિત યુવાન કન્યા પસંદગી માટે ખિસ્સામાં દસ ફોટા રાખે તે ચાલે, પણ વિવાહિત થયા પછી તેના ખિસ્સામાંથી તેની પત્ની સિવાય બીજી સ્ત્રીનો ફોટો નીકળે તો તે અન્યાશ્રય, તેવી જ રીતે, બ્રહ્મસંબંધ થયા પછી આપણા પ્રભુને છોડી બીજા કોઇ પણ દેવ રૂપ, મનુષ્ય રૂપ કે જડ રૂપનો મન-વચન-કર્મથી આશ્રય કરવો, તેમની પાસે આશા રાખવી, કશી માંગણી કરવી તેમના થઇને રહેવું તેનું નામ અન્યાશ્રય. અન્યાશ્રયનો જન્મ ઇચ્છાઓથી થાય છે. ઇચ્છાઓ પૂરી ન થતાં તે પૂરી કરવા આપણે આપણા પ્રભુને છોડીને બીજે દોડી જઇએ છીએ ત્યારે અન્યાશ્રય થાય છે. જગતમાં આપણા પ્રભુના જેટલા સર્વસમર્થ અને કૃપાળુ અન્ય કોઇ નથી. આપણા પ્રભુ આપણને જે નહીં આપવા ચાહતા હોય, તે બીજા કોઇ આપી શકશે નહી. આપણા હિતનું જે જે કંઇ હશે, તે આપણા પ્રભુ આપણને નક્કી આપશે જ. માટે તેમને છોડી બીજાના આશ્રયે દોડવી આપણા માટે હિતાવહ નથી.

સત્સંગ : સત-સત્પુરુષો અને શાસ્ત્રો, શાસ્ત્રોને સમજનારા અને આચરનારા મહાપુરુષોનો સંગ તે સત્સંગ. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે શાસ્ત્રોને જાણીને, તે અનુસાર મન, વાણી અને શરીરથી શ્રીકૃષ્ણના સેવા સ્મરણ કરવા. ભક્તિનું પહેલું પગથિયું ભગવાનના મહાત્મ્યનું જ્ઞાન છે. આવું જ્ઞાન જેમના સંગમાંથી મળે તેને સત્સંગ કહેવાય. શાસ્ત્રો, પુષ્ટિગ્રંથો અને પુષ્ટિસિધ્ધાંતોને જાણનાર અને તે મુજબ જીવનાર ભગવદીયોનો સદાય સંગ કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. જેમ દરરોજ અભ્યાસ ચાલુ ન રાખવાથી શીખેલું ભુલાઇ જાય છે. તેમ દરરોજ નિયમિત સત્સંગ ન કરવાથી આપણું મન બીજી દિશામાં ભટકી જાય છે. અગ્નિને જલતો રાખવા, ચૂલામાં ફૂંકણીથી પવન ફૂંકવો પડે, સગડીમાં કોલસા પડે, કોડિયામાં તેલ પૂરવું પડે તેમ ભગવદ્‌ભાવદ્રઢ રાખવા માટે પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો પ્રમાણે ચાલવા સત્સંગ પણ નિત્ય, નિયમિત કરવો પડે. ભોજન શરીરનો ખોરેક છે, તેમ સત્સંગ મનનો ખોરાક છે. આપણે પશુની જેમ જ્યાં ત્યાં ખાતા નથઈ. તેમ ગમે તેનો સત્સંગ પણ ન થાય. સાચા, ઉત્તમ વૈષ્ણવનો જ સંગ કરવો. તેમનાં વાણી, વર્તન એકરૂપ હોય, શ્રીવલ્લભના વિચારો અનુસાર વિશ્વસનીય હોય તો જ તેમનો સંગ લાભ કરે છે. આવા ભગવદીયો ન મળે, ત્યારે ગ્રંથોનો જાતે સત્સંગ કરવો, ગ્રંથો જાતે વાંચવા, સાંભળવા અને વિચારવા અને તે મુજબ આચરણ કરવું. શ્રી મહાપ્રભુજીના મૂળ ગ્રંથોનો અભ્યાસ કરવો, ષોડશ ગ્રંથ, શિક્ષાપત્ર, ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તા જેવા ગ્રંથોનું નિત્ય વાંચન કરવું. ષોડશ ગ્રંથઆદિ ગ્રંથોના પાઠ કરવા, અષ્ટ સખાઓના પદો ગાવાં. શ્રી ભાગવત વાંચવું.

વિવેક, ધૈર્ય, આશ્રય : આપણે સેવા-સ્મરણ-સત્સંગ કરીએ છીએ. પણ દુનિયામાં દુઃખના એટલા બધા અનુભવ થાય છે કે મનમાંથી ચિંતા અને કલેશ હટતાં નથી, પરિણામે, આપણને સતત અશાંતિ અસ્વસ્થતા પીડે છે. આ સંજોગોમાં વિવેક, ધૈર્ય અને આશ્રય જરૂરી છે. વિવેક એટલે સર્વ કાંઇ પ્રભુ પોતાની ઇચ્છાથી, પોતાના જીવોના કલ્યાણ માટે જ કરે છે તેમ માની, જીવનમાં જે કાંઇ બને તેનો સ્વીકાર કરવો. પ્રભુની ઇચ્છાને વશ થવું. કોઇની પાસે માંગવું નહી. જે મળે તેમાં આપણું હિત સમજી, સંતોષ રાખવો. આવા વિવેક-વિચારમાંથી ધૈર્ય જન્મે છે, ધૈર્ય એટલે ધીરજ જીવનમાં આધિ, વ્યાધિ અને ઉપાધિઓ તો આવે જ છે. આ ત્રણ પ્રકારના દુઃખો આવે, ત્યારે ધીરજ રાખી, તે સહન કરવાં, રડવાથી દુઃખો ઘટતાં નથી. સ્વજનો અને નોકરોના આક્રમણ તથા અપમાન પણ ધીરજથી સહન કરવાં. જીવનમાં સુખ કે દુઃખ આવે, માન કે અપમાન મળે, લાભ કે હાનિ થાય, દોસ્ત દુશ્મન બને કે સર્વ નાશ થાય. આવી સર્વ પરિસ્થિતિમાં હંમેશા શ્રીહરિનું સ્મરણ રાખવું. શ્રીહરિનો દ્રઢ આશ્રય રાખવો. શ્રીહરિમાં પૂર્ણ વિશ્વાસ રાખવો તેનું નામ આશ્રય. શ્રીહરિની બિનશરતી શરણાગતિ અને સંપૂર્ણ સમર્પણ સ્વીકારી, અષ્ટાક્ષર અને બ્રહ્મસંબંધ મંત્ર ની દીક્ષા લઇ વિવેક, ધૈર્ય અને આશ્રય અપનાવી, પુષ્ટિમાર્ગની રીતેશ્રી હરિ-ગુરુ-વૈષ્ણવની સેવા કરતા, સત્સંગ અને સ્મરણ કરતા, કેવળ શ્રીહરિના બનીને રહેતા વૈષ્ણવ બત્રીશલક્ષણા વૈષ્ણવ કહેવાય. આવી વૈષ્ણવતા કોઇ પણ સમયે, કોઇ પણ સ્થળે, કોઇપણ વ્યક્તિ આચરી શકે છે. ચાલો આપણે પણ પુષ્ટિના માર્ગે ચાલવા લાગીએ.

પુષ્ટિમાર્ગનો પ્રાગટ્યદિન આપણા પ્યારા શ્રીવલ્લભાધીશ આ કલિકાલમાં અનેક દોષોથી ભરેલા જીવોનો ઉદ્ધાર કરવા માટે પ્રગટ થયાં. સંવત ૧૫૪૯ના શ્રાવણ સુદ એકાદશીની મધ્યરાત્રિ હતી. શ્રીમદ્ ગોકુલમાં ઠકારીણી ઘાટે આપશ્રી પોઢ્યા હતા. ચિત્તમાં ચિન્તા હતી : આવા દુષ્ટ જીવોનો ઉદ્ધાર કમ કરીને થશે? શ્રીઠાકુરજી સાક્ષાત પ્રગટ થાય, આજ્ઞા કરી : આપ જીવોને બ્રહ્મસંબંધ કરાવો. એમના સર્વ દોષોની નિવૃત્તિ થશે. શ્રીવલ્લભે શ્રીજીને પવિત્રુ ધરાવ્યું - મિશ્રીભોગ ધર્યો મધુરાષ્ટકનું ગાન કર્યું. બીજે દિવસે શ્રીદામોદરદાસ હરસાનીને પ્રથમ બ્રહ્મસંબંધ મંત્ર આપ્યો. સિધ્ધાંત રહસ્ય ગ્રંથરચીને સમજાવ્યો. આ દિવસ તે પુષ્ટિમાર્ગનો પ્રાગટ્યદિન. આપણે પણ બ્રહ્મ સંબંધ દ્વારા નિર્દોષ બની, ભગવત્સેવા સ્મરણ કરી, ભગાવનને પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ બનીએ ! તો જીવન ધન્ય બની જાય ને!

બ્રહ્મસંબંધનો ભાવાર્થ : ભગવાન કૃષ્ણથી વિખૂટા પડે હજારો વર્ષોનો સમય વ્યતીત થવાથી ભગવાનની પ્રાપ્તિને માટે હૃદયમાં જે તાપ-કલેશનો આનંદ થવો જોઇએ તે જેને તિરોધાન થયો છે એવો હું જીવ, ભગવાન કૃષ્ણ (શ્રી ગોપીજનવલ્લભ) ને દેહ, ઇન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ, તેના ધર્મો, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આલોક અને પરલોક, આત્મા સહિત સમર્પણ કરું છું.

હું દાસ છું: હે કૃષ્ણ ! હું તમારો છું.

(શ્રી વલ્લભ- સંદેશ માંથી સંકલિત સાભાર)